# ખાડીની બેઉં બાજુએ સેનાઓ ગોઠવાઈ રહી છે

અમેરિકાનું પ્રચંડ નૌકા જહાજ યુએસએસ જેરાલ્ડ આર. ફોર્ડ ગઈ બારમી માર્ચના રોજ સાઉદી અરેબિયાને અડીને આવેલા રાતા સમુદ્રમાં હતું ત્યારે તેમાં આગ લાગી. અમેરિકાની તાકાતનો દબદબો એનાં વિરાટ જહાજો અને નૌકા કાફલાઓને પ્રતાપે જગતભર પર છવાયેલો રહે છે. યુદ્ધના દિવસોમાં જ તેને નુકસાન પહોંચ્યું તેને આકસ્મિક ગણાવવામાં આવે છે, પણ તેવું જણાતું નથી. કારણ જે કંઈ પણ હોય, અમેરિકા માટે આ એક બોધપાઠ છે. જહાજ છેલ્લાં નવેક મહિનાથી ભૂમધ્ય સમુદ્રમાં હતું. ત્યારબાદ યુદ્ધ ક્ષેત્રની વધુ નજીક રાતા સમુદ્રમાં આવી ગયું હતું. ઈરાની ડ્રોન કે મિઝાઈલના હૂમલાનો ભોગ બન્યું હોય તેવી શક્યતા છે, પરંતુ અમેરિકન નૌકાદળે જાહેર કર્યું છે કે જહાજ કોઈ યુદ્ધકીય હુમલાનો શિકાર બન્યું નથી. તેના લોન્ડ્રી વિભાગમાં આગ લાગવાથી અકસ્માત સર્જાયો હતો. એ આગમાં એકસોથી વધુ પથારીઓ વગેરે સળગી ગયાં, કહે છે કે આગ મેઈન લોન્ડ્રી રૂમમાં લાગી હતી. જે વેન્ટીલેટરો મારફતે બીજા વિસ્તારોમાં ફેલાઈ.

યુદ્ધની વિગતો આપતી અમેરિકાની સેન્ટકોમ એજન્સી કહે છે કે શીપ પર કોઈ આક્રમણ થયું ન હતું. આ વાત સાચી લાગે છે. કારણ કે જાનમાલનું કોઈ મોટું નુકસાન થયું નથી. ખોટી પણ લાગે છે, કારણ કે આગ જહાજના મોટા વિસ્તારમાં ફેલાઈ ગઈ ત્યાં સુધી તેને રોકવાના પ્રયત્નો ન થયા. જહાજને જે નુકશાન પહોંચ્યું તે, પરંતુ તેને રિપેર કરવા માટે, યુદ્ધના થિયેટરમાંથી બહાર કાઢીને સમારકામ તેમ જ જાળવણી માટે ભૂમધ્ય સમુદ્રમાં ગ્રીસ નજીકના ક્રેટ ટાપુ પર મોકલી આપવામાં આવ્યું છે.

આજના યુગમાં પ્રચંડ દરિયાઈ જહાજો બને કાફલાઓનું વજૂદ દુશ્મન દેશોમાં લડાયક વિમાનો મોકલવા પુરતું રહ્યું છે. પરંતુ સસ્તામાં બનતા અને માનવરહિત કામગીરી સંભાળતાં ડ્રોન વિમાનો તેમજ ડ્રોન સબમરીનો એટલા વ્યાપક બન્યા છે કે જહાજી બેડાઓ સલામત રહ્યા નથી. એક સાથે બે ચાર ડઝન વિમાનો કે સબમરીનોનું આક્રમણ આવી ચડે તો તે બધાને ખાળી શકાતાં નથી. અમુક જહાજ સુધી પહોંચીને વિસ્ફોટકો સાથે ખાબકવામાં સફળ રહે છે. જેરાલ્ડ ફોર્ડની આ ઘટનાએ ખાડીના દેશોને ઈરાન ડ્રોન્સ અને મિઝાઈલો સામે રક્ષણ આપવામાં અમેરિકાને નિરૂત્સાહ બનાવી દીધું છે. બીજી તરફ ઈરાનને આરબ દેશોની તેલની

**આજના યુગમાં પ્રચંડ દરિયાઈ જહાજો બને કાફલાઓનું વજૂદ દુશ્મન દેશોમાં લડાયક વિમાનો મોકલવા પુરતું રહ્યું છે. પરંતુ સસ્તામાં બનતા અને માનવરહિત કામગીરી સંભાળતાં ડ્રોન વિમાનો તેમજ ડ્રોન સબમરીનો એટલા વ્યાપક બન્યા છે કે જહાજી બેડાઓ સલામત રહ્યા નથી**

રિફાઈનરીઓ અને અન્ય ઠેકાણાંઓ પર હૂમલા કરવા માટે નવી ચાતક ચડાવી છે. જો કે જેરાલ્ડ ફોર્ડ જહાજ બાબતમાં એવા રિપોર્ટ પણ આવ્યા છે કે છેલ્લા નવ મહિના કરતા વધુ સમયથી જહાજ ભૂમધ્ય અને રાતા સમુદ્રમાં હતુ. હાલમાં તેને ઈરાન સામે લડવા રાતા સમુદ્રમાં ડિપ્લોય કરાયું હતું. કહે છે કે જહાજ પરના હજારો કર્મચારીઓનો સ્ટાફ લાંબા સમયથી ઘરથી દૂર હતો તેથી કંટાળી તેમજ થાકી ગયો હતો. વળી ખલાસી સૈનિકો પણ યુદ્ધની શક્યતાઓ અને તેનાં પરિણામો વિષે જ્ઞાન ધરાવતા હોય છે. તેઓમાં વધુ નિરુત્સાહ અને ઉદાસી ફેલાય છે. અહેવાલો પ્રમાણે કેટલા ક્રુ મેમ્બરોએ ભાંગફોડ અથવા સેબોટાજ તરીકે આગ લગાવી હતી. જો આ અહેવાલ સાચા હોય તો પણ અમેરિકાના નૌકા દળ માટે શરમજનક ગણાય. જે સૈનિકો લડવાનો જુસ્સો અને આત્મવિશ્વાસ ગુમાવે તેને સફળતા ન મળે. જેરાલ્ડ ફોર્ડને યુદ્ધના મેદાનમાંથી, દરિયામાંથી હટાવી લીધું તે સારૂં થયું, પરંતુ ઈરાન હોર્મુઝનું દરિયાક નાકું દબાવીને બેસી ગયું છે. અમેરિકા માટે આ દબાણ હટાવવા, સાંકડો જળમાર્ગ મુક્ત કરાવવા માટે મોટાં જહાજોની ઘણી જરૂર છે. મિત્ર દેશોને મદદ આવવા પ્રમુખ ટ્રમ્પે આગ્રહ કર્યો. હજી બધા દેશોએ એક સરખો નિર્ણય લીધો નથી.

હોર્મુઝની સામુદ્રધૂનીમાં પ્રવેશવાની સાથે જે પરશિયન



ગલ્ફ, ખાડી શરૂ થાય તે લગભગ એક હજાર કિલોમિટર લાંબી છે. તેની બન્ને બાજુએ ઈરાન અને આરબ દેશોનાં પ્રસિદ્ધ શહેરો ઉપરાંત વેપારી, લશ્કરી અને તેલ ખનને લગતી પ્રવૃત્તિઓ ધમધમે છે. અમુક ઠેકાણે અખાત સૌથી વધુ 340 કિલોમિટર પહોળો અને હોર્મુઝ ખાતે સૌથી ઓછો બાવીસ કિલોમીટર પહોલો છે. અખાતના ઉત્તરમાં ઈરાન અને દક્ષિણમાં આરબ દેશો છે. અખાત કુવૈત પાસે પૂરો થાય ત્યાં ઈરાનના કાંઠા નજીક ઈરાનનો ખાર્ગ ટાપુ છે. આ ટાપુ પર જ ઈરાનની તેલ ખનન અને શુદ્ધિ પ્રક્રિયાનું મોટાભાગનું કામ-કાજ થાય છે. ટાપુ વીસ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલોછે. ઈરાને ત્યાં રિફાઈનરીઓ ઉપરાંત મિઝાઈલોના ભૂગર્ભ ભંડારો તેમ જ લોન્ચ પેડ બાંધી રાખ્યાં હતા. અમેરિકનોનો દાવો છે કે તેલ સુવિધાઓને બાદ કરતાં બાકીના સૈનિક ઈન્ફ્રાનો અમેરિકન, મિઝાઈલોએ સફાયો બોલાવી દીધો છે. પરંતુ અમેરિકા ઈઝરાયલ માટે હાલની પ્રાયોરિટી હોર્મુઝ ખાડીના જળમાર્ગને ઈરાનની પકડમાંથી મુક્ત કરાવવાની છે. પ્રમુખ ટ્રમ્પ તે માટે લાગેલા છે અને તેથી ચીનની મુલાકાત રદ કરીને વ્હાઈટ હાઉસમાં જ બેસી રહેવાનું પસંદ કર્યું છે. અમુક નાટો દેશો અમેરિકાને સાથ આપવા તૈયાર થઈ રહ્યાં નથી, અમુક ધીમે ધીમે થઈ રહ્યા છે. લાગે છે કે મુખ્યત્વે આ યુદ્ધ ઈઝરાયલે અને અમેરિકાએ જ લડવું પડશે. હાલના આસાર કહે છે કે યુદ્ધ લાંબુ ચાલશે. ક્રુડ તેલના ભાવ વધી ગયા છે. યુદ્ધ લંબાશે તો બેરલની કિંમત બસ્સો ડૉલરની આસપાસ થશે. આવું ન થાય તે માટે પણ ઈઝરાયલ-અમેરિકાએ યુદ્ધનો બને એટલો વહેલો અંત લાવશે. અન્યથા દુનિયાનું અર્થતંત્ર મંદી તેમજ ફુગાવો, બન્ને સ્થિતિમાં એક સાથે ફસાઈ જશે. ટ્રમ્પે અમેરિકાના નૌકાદળ પર જ હોર્મુઝનું નાકું ખોલાવવા માટે સઘળો મદાર રાખવાનો રહે છે.

પેન્ટાગોન દ્વારા બાવીસસો મરીન્સ અર્થાત ખૂબ ઊંચી તાલીમ પામેલા નૌકાદળના સૈનિકોની રેપિડ રિસપોન્સ મધ્યપૂર્વમાં મોકલવામાં આવી છે. અમેરિકન નૌકા જહાજ યુએસએસ ટ્રીપોલી પર તબીબી ટીમ, થોડા દિવસોમાં જપાનથી આવી પહોંચશે. ઈરાનની દક્ષિણે આવેલા અમુક ટાપુઓ કબ્જે લેવાની અમેરિકાની યોજના છે. ત્યાં વસીને અમેરિકન નૌકા દળ ઈરાની હુમલાઓની ખાળી શકશે, જવાબ આપી શકશે. આ ખાસ અમેરિકી સેના ચાર વિભાગોમાં વહેંચાયેલી હશે, જેમાં ભૂમિ પરના પ્રતિકાર અને આક્રમણ જૂથ પાસે રણગાડીઓ અને તોપગોળા, મિસાઈલો વગેરે હશે. એમવી-22 ઓસ્પ્રે હેલિકોપ્ટરોનું બનેલું એક હવાઈ જૂથ હશે. જેની સાથે એફ-35 બી પ્રકારના અત્યાધુનિક ફાઈટર વિમાનો હશે. બધા વિભાગો, તેમ જ લોજિસ્ટિક બરાલિયનોની કામગીરીઓનું સંકલન કરવા એક કમાન્ડ ટીમ હશે. જીણવટભરી તૈયારીઓ ચાલી રહી છે. અમેરિકા કદાચ ઈરાનને કબજે કરવા નહીં માગતું હોય, પરંતુ ઈરાનને એટલું પાંગળું બનાવી દેવા માગે છે કે તે વરસો સુધી અણુશસ્ત્ર અને બેલેસ્ટીક મિસાઈલોનું નિર્માણ કરવાની જીદ નહીં કરે. સાથે રિઝાઈમ ચેન્જ કરવાનો ઉદ્દેશ્ય પણ પૂરો કરવા ધારે છે. ઈરાન પાસે મેઈનલેન્ડ ઉપરાંત ખાડીમાંના ટાપુઓ પર મિસાઈલો, ડ્રોન્સ, સબમરીન ડ્રોન્સ તેમ જ દરિયાના તળિયે ગોઠવવામાં આવતી સુરંગો બનાવવા અને સાચવવા માટેની અનેક ફેસેલીટીઓ છે. ટાપુઓના કિનારે બોગદાંઓ તૈયાર કરીને મિસાઈલ લોન્ચરો તેમ જ આક્રમણ કરવાની બોટ્સ ગોઠવાલી છે. ગયા મંગળવારે અમેરિકી સેનાએ પાંચ હજાર પાઉન્ડસના વજનના એક એવા અનેક બોમ્બસ્ ફેંકીને ખાર્ગ ટાપુ પરની અનેક ફેસિલિટીઓ ઊડાવી દીધી છે. આ બોમ્બ જમીનમાં ખૂબ ઊંડે ઘૂસીને ફાટે એવા ડીપ-પેનીટ્રેટર છે.

**કબીરા ખડા બજાર મેં**
વિન્સી મરચન્ટ

...અનુસંધાન પાના નં. 7

# એવલિન ફરી અત્યાચારની શિકાર, હેરી પણ વ્હાઈટ નીકળ્યો

એવલિન નેસ્બિટ, સ્ટેનફોર્ડ વ્હાઈટ અને હેરી કે. થોની પ્રેમ કથા કે વાસના કાંડમાં વધુ વિગતવાર ઉતરવાનું કારણ એ છે કે નામાંકિત શિક્ષિત, આધુનિક અને પ્રતિષ્ઠિત મહાનુભાવો કેવી રીતે પતનની ગર્તામાં સરકી પડે છે એ જાણવાનું, સમજવાનું. સાથોસાથ એમની માનસિકતા થકી તત્કાલિન સમાજ અને સમયના વિચારોમાં ઊંડા ઉતરવા મળે છે. એ સમયના અમેરિકન સમાજનો રિવાજ, પરંપરાથી આજના ભારતના મહાનગરો તો ઠીક એના પછીના ક્રમે આવતા શહેર, નગર અને મોટા ગામડાય બહુ પાછળ નથી, એમના ભૂતકાળમાં આપણે પોતાનો વર્તમાન અને ક્યાંક ભવિષ્ય જોવાનું છે અને શક્ય બને તો એનાથી બચવાનું છે.

યુરોપની ટ્રીપના થોડા અઠવાડિયા બાદ મમ્મીજી મિસિસ નેસ્બિટ અમેરિકા પાછાં જતાં રહ્યાં. પછી હેરી અને એવલિન ઓસ્ટ્રિયાના ગ્રામીણ વિસ્તારમાં આવેલા ભાડાના વિશાળ કેસલમાં રોકાઈ ગયા. એવલિને આત્મકથા ‘અમેરિકન ઈવ’માં કેસલને ‘ગ્રોથીક નાઈટમેર’ ગણાવી હતી. ટાઢાબોળ પથ્થરની બનેલી, લાંબા લાંબા અને ઝાંખા પ્રકાશવાળી કેસલમાં પહેલી રાતે જ એવલિન હેબતાઈ ગઈ.

માંડ માંડ ઊંઘેલી એવલિન સફાળા સાથે જાગી ગઈ. એની સામે જાણે બહાર નીકળી આવેલી આંખોવાળો હેરી થો ઊભો હતો, સંપૂર્ણ દિગંબર અવસ્થામાં ઓચિંતા ત્રાટકીને હેરીએ એવલિનની ચાદર ફગાવી દીધી, ગાઉન ફાડી નાખ્યુ અને એના પર બળાત્કાર કર્યો. આ અત્યાચાર કરતી વખતે એ સતત સ્ટેનફોર્ડ વ્હાઈટ અને એના બદઈરાદાને ભાંડતો રહ્યો.

કલ્પના કરી જુઓ કે બળાત્કાર પછી શું થાય? કે થવું જોઈએ? બધાની માન્યતા અને તર્કથી સાવ જ ઊંધુ થવાનું હતું. હેરી સતત એવલિનની આસપાસ ઘુમરાતો રહ્યો, મીઠી-મીઠી વાતો કરતો રહ્યો, ખર્ચાળ ભેટસોગાદ આપતો રહ્યો અને ખાસ તો મમ્મીજીનું મન જીતવા પ્રયાસ કરતો રહ્યો.

અને યુક્તિ કામ કરી ગઈ. 1905ની પાંચમી એપ્રિલે એવલિન બની ગઈ મિસિસ હેરી થો. હા. એક નાનકડા ખાનગી સમારંભમાં બંને પરણી ગયા. નવદંપતિ પિટ્સબર્ગના વિશાળ મહેલ જેવા મકાનમાં રહેવા ગયા. અહીં હેરીના મમ્મી ય રહેતા હતા. ભવ્યતા અને વિશાળ હોવા છતાં એવલિનને એ પિંજરુ લાગ્યું, સોનાનું પિંજરું, અહીં દિવસો અઠવાડિયા અને મહિનાઓ નીકળતા રહ્યા પણ એવલિનનું મન ક્યાંય લાગતુ નહોતું. નવોઢાના મનમાં જરાય ઉત્સાહ, ઉમંગ, સહવાસ અને પ્રેમની ભાવના નહોતી.



**ભવ્યતા અને વિશાળ હોવા છતાં એવલિનને એ પિંજરુ લાગ્યું, સોનાનું પિંજરું, અહીં દિવસો અઠવાડિયા અને મહિનાઓ નીકળતા રહ્યા પણ એવલિનનું મન ક્યાંય લાગતુ નહોતું. નવોઢાના મનમાં જરાય ઉત્સાહ, ઉમંગ, સહવાસ અને પ્રેમની ભાવના નહોતી**

કારણ તો એવલિનને ય ખબર નહોતા પણ મનમાં સતત એક ફફડાટ રહેતો હતો કે કંઈક બનવાનું છે, ચોક્કસ બનવાનું છે. આ ડર સાચો સાબિત થયો. 1906માં એ વર્ષના વસંતમાં આ યુગલે ઈંગ્લેન્ડના પ્રવાસે જવાનું નક્કી કર્યું. એવલિન ખુશ થી કે ચાલો કંઈક નવીનતા અનુભવાશે. 28મી જુને ન્યૂ યોર્કથી જર્મન લક્ઝરી લાઈનમાં જવાનું હતું. એ અગાઉ ન્યૂયોર્ક શહેરમાં એકાદ અઠવાડિયું વીતાવવાનું હતું.

એવલિન થોડો ઘણો ઉત્સાહ અને નવો જોશ અનુભવતી હતી. પરંતુ એ ખુબસુરત મૂડનો ફુગ્ગો 25મી જુને ધડામ સાથે ફુટવાનો હતો. એવલિન ઈચ્છતી નહોતી કે કલ્પનાય નહોતી કરી એવું બનવાનું હતું. એના બે શોષણખોર સ્ટેનફોર્ડ વ્હાઈટ અને બળાત્કારી કમ પતિ હેરી થો સામસામા આવવાના હતા.(ક્રમશઃ)

**ક્રાઈમ કોડ**
પ્રફુલ શાહ

## ભવાનીપુરની બેઠક પર કોણ બાજી મારશે?

પશ્ચિમ બંગાળમાં બધાની નજર કોલકાતાની ભવાનીપુર વિધાનસભા બેઠક પર છે. અહીં મુખ્યમંત્રી મમતા બેનર્જીને તેમના જૂના સાથી શુભેન્દુ અધિકારી BJP તરફથી પડકાર આપી રહ્યા છે. પાંચ વર્ષ પહેલાં શુભેન્દુએ નંદીગ્રામમાં મમતાજીને હરાવી દીધા હતા. એટલે મમતાજીએ પોતાની જૂની બેઠક ભવાનીપુરમાં પાછા ફરવું પડ્યું હતું. ચૂંટણી પછી તરત જ શોવન્દેપ ચેટર્જીએ બેઠક છોડી દીધી અને મમતાજીએ લગભગ 60,000 મતોથી મોટી જીત મેળવી હતી. પણ આ વખતે




એટલું સરળ નહીં હોય, કારણ કે ભવાનીપુરની વસ્તીમાં ઘણો ફેરફાર થયો છે. અહીં ઓછામાં ઓછા 40% લોકો બિન-બંગાળી છે. આ લોકો દેશના અલગ અલગ ભાગમાંથી આવે છે અને અહીં દુકાનદાર, વેપારી અને નાના ધંધાદાર તરીકે કામ કરે છે. BJPનો આ બિન-બંગાળી લોકોમાં પ્રભાવ વધી રહ્યો છે. એટલે કાગળ પર તો મમતાજી માટે આ વખતે મુશ્કેલ લડાઈ લાગે છે - ખાસ કરીને શુભેન્દુ જેવા ઉર્જાવાન નેતા સામે, જે પોતાની નંદીગ્રામની જીતનો ઝંડો લહેરાવીને અહીં પોતાનું નામ મજબૂત કરવા માગે છે. શુભેન્દુ નંદીગ્રામમાંથી પણ લડી રહ્યા છે, પણ BJPએ તેમને ભવાનીપુરમાંથી પણ ઉભા કર્યા છે. એમનો હેતુ એ છે કે મમતાજીને આ બેઠકમાં જ અટવાઈ રાખીને બાકીના બંગાળમાં તેમની ચૂંટણી પ્રચારમાં અડચણ ઊભી કરવી. મમતાજી તો TMCના સૌથી મોટા સ્ટાર પ્રચારક છે અને ચૂંટણીમાં દરેક બેઠકમાં જવાનો પ્રયત્ન કરે છે. BJP ગમે તેવી રણનીતિ અપનાવે, પણ એ યાદ રાખવું પડશે કે મમતાજીએ પોતાના કરિયરમાં 11 વખત ભવાનીપુરમાંથી જીત મેળવી છે. તેઓ આ વિસ્તારના દરેક ખૂણાને જાણે છે અને કદાચ દરેક મતદાતાનું નામ પણ યાદ રાખે છે.બીજી તરફ શુભેન્દુ તો અહીં બહારના માણસ છે. તેમણે પહેલાં આ જગ્યા સારી રીતે ઓળખવી પડશે. આથી આ લડાઈ ખૂબ જ રોમાંચક બનવાની છે!

**ઈધર-ઉધરકી**
આરતી જેરથ

## પ્રદ્યુતની BJPમાં એન્ટ્રી અને પાર્ટીના જૂના નેતાની નારાજગી

અસમમાં BJPને મોટો ફાયદો થયો છે, કારણ કે કોંગ્રેસના બેઠક ધરાવતા સાંસદ પ્રદ્યુત બોર્દોલોઈએ ચૂંટણી પહેલાં BJPમાં જોડાઈ લીધું છે. પણ પાર્ટીની સ્થાનિક એકમમાં તણાવ છે, કારણ કે BJPએ તેમને દિસપુર બેઠકમાંથી ઉમેદવાર બનાવ્યા છે. આ બેઠક માટે પાર્ટીના જૂના આશાપાત્ર અતુલ બોરા ખૂબ નારાજ છે. તેઓ કહે છે કે તેમને ધોકો મળ્યો છે અને હવે તેઓ સ્વતંત્ર તરીકે લડી શકે છે અથવા કોંગ્રેસના ઉમેદવારને સમર્થન આપી શકે છે. આનાથી BJPને



ચિંતા છે, કારણ કે અતુલ બોરા પ્રદ્યુતના મત કાપી શકે છે. બીજી તરફ, અસમના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા પણ પ્રદ્યુતને લાવવાથી ખુશ નથી. પરંતુ આ નિર્ણય ઉપરથી આવ્યો છે - BJPના મુખ્ય ચૂંટણી વ્યૂહકાર અમિત શાહ (કેન્દ્રીય ગૃહમંત્રી) કોંગ્રેસને નુકસાન પહોંચાડવા માટે આવા બદલાતા નેતાઓને આવકારવા માંગે છે. હિમંત સરમાના વફાદાર લોકો આ વ્યૂહરચનાથી આશ્ચર્યચકિત છે, કારણ કે BJP અસમમાં કોંગ્રેસના આવા બદલાતા લોકો વગર પણ આરામથી જીતી શકે છે. પાર્ટીની સ્થિતિ ખૂબ મજબૂત છે. આ બધું BJP માટે થોડી મુશ્કેલી ઊભી કરી શકે છે.

## શિવકુમારે અસમની ચૂંટણી માટે AIની મદદ લીધી

કોંગ્રેસને અસમમાં બીજેપીના દબદબા વચ્ચે ચૂંટણી જીતવાની શંકા છે, એટલે તેમના રાજ્યના ચૂંટણી મેનેજર, કર્ણાટકના ઉપમુખ્યમંત્રી ડી. કે. શિવકુમારે AI પાસેથી સલાહ માંગી છે. તેમણે આ વાત તાજેતરમાં કર્ણાટક વિધાન પરિષદની બેઠકમાં કહી. શિવકુમારે જણાવ્યું કે તેમણે AIને પૂછ્યું કે અસમની વિધાનસભા ચૂંટણી કેવી રીતે જીતી શકાય. AIએ જવાબ આપ્યો કે ‘કર્ણાટક મોડલ’ અપનાવવાથી જીત મળી શકે છે. AIએ કર્ણાટકમાં છેલ્લી ચૂંટણીમાં આપેલી પાંચ ગેરંટી



(વેલ્ફેર યોજનાઓ)ને સફળ માર્ગદર્શિકા ગણાવી અને તેને અસમમાં પણ અમલ કરવાનું સૂચન કર્યું છે. શિવકુમારે કહ્યું કે આ આઈડિયા તેમની દીકરીએ આપ્યો હતો. તેમણે AIને ગવર્નન્સ અને એડમિનિસ્ટ્રેશન માટે વાપરવાનું શીખ્યું, પછી ખબર પડી કે તે રાજકીય માહિતી પણ પ્રોસેસ કરી શકે છે. એટલે તેમણે અસમ માટે સલાહ માંગી હતી. હાલમાં શિવકુમાર અને પ્રિયંકા ગાંધી વાડ્રા બંને અસમમાં કોંગ્રેસની ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કરી રહ્યા છે.

